પત્ર નં.સુડા/પુ.૩/ટીપીએસ–૨૭(ઉત્રાણ–કોસાડ) / /૦૩/૨૦૦૭

પ્રતિ,
અગ્રસચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭(ઉત્રાણ–કોસાડ) સુડા : સુરત. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ રાજ્ય સરકારશ્રીને મંજુરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સત્તામંડળ દ્વારા મોજે : ઉત્રાણ–કોસાડ. વિસ્તારના વિકસી રહેલ વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાની જરૂરીયાત જણાતા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૧) હેઠળ ઉક્ત વિસ્તારમાં, નગર રચના યોજનાં વિસ્તાર માટે મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર સાથે રૂબરૂ ચર્ચા વિચારણા તથા લેખિતમાં પરામર્શ કરેલ જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી તેમના પત્ર નંબર મુસદ્દારૂપ નરયો સુચિત ૨૭(ઉત્રાણ–કોસાડ) કલમ–૪૧(૧)– પરામર્શ/હ.ગુ./૨૧૧૨ તા. ૦૯/૦૫/૨૦૦૫ થી પ્રસ્તુત નગર રચના યોજનાની નક્કી કરેલ હદ માટે શરતોને આધિન અનુમોદન આપેલ છે. જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા. ૨૩/૧૨/૨૦૦૫ ની બોર્ડ બેઠક નં. ૧૯૮ ના ઠરાવ નં. ૨૪૨૯ થી (નકલ સામેલ છે.) ઉક્ત અધિનિયમની કલમ–૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ, જેના અનુસંધાને દૈનિક વર્તમાનપત્ર "ગુજરાત સમાચાર" ની તારીખ : ૦૭/૦૧/૨૦૦૬ (નકલ સામેલ છે) તથા સ્થાનિક મહત્વની કચેરીઓ અને સંબંધિત વિસ્તારની મહત્વની જગ્યાઓ ઉપર (નકલ સામેલ છે.) પણ ઈરાદો જાહેર કરતાં અધિસુચનની પ્રસિધ્ધિ આપવામાં આવેલી તથા ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ–૨ માં તારીખ ૫/૦૧/૨૦૦૬ ના પાના નંબર ૪ તથા ૫ ઉપર (નકલ સામેલ છે.) જરૂરી પ્રસિધ્ધિ આપવામાં આવેલ તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં તા. ૧૨/૦૧/૨૦૦૬ ના પત્ર ક્રમાંક : સુડા/પુ.૩/ટી.પી.એસ.–૨૭(ઉત્રાણ–કોસાડ)/૨૭૨ અધિસુચનની નકલ મોકલી સરકારશ્રીને જાણ કરેલ છે. (નકલ સામેલ છે.)